# જાહેરાતનો નમૂનો

સમગ્ર શિક્ષા Samagra Shiksha

શિક્ષણ વિભાગ અંતર્ગત ગુજરાત રાજયની સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કક્ષાએ ૧૧ માસ માટે કરાર આધારિત "જ્ઞાન સહાયક (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા)" ની જગ્યા બાબતે ઓનલાઈન અરજી આમંત્રિત કરવા અંગે.

| ક્રમ | જગ્યાનું નામ | માસિક ફિકસ મહેનતાણું | વયમર્યાદા |
|---|---|---|---|
| ૧ | જ્ઞાન સહાયક ( માધ્યમિક) | રૂ.૨૪,૦૦૦/- | ૪૫ વર્ષ |
| ૨ | જ્ઞાન સહાયક (ઉચ્ચતર માધ્યમિક) | રૂ.૨૬,૦૦૦/- | ૪૫ વર્ષ |

શિક્ષણ વિભાગ અંતર્ગત ગુજરાત રાજયની સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં "જ્ઞાન સહાયક યોજના (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)" અંતર્ગત શાળા કક્ષાએ **હાલમાં તેમજ ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યાઓ પર ૧૧ માસ માટે કરાર આધારિત "જ્ઞાન સહાયક (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)" ની ભરતી માટે પસંદગી યાદી તેમજ પ્રતિક્ષા યાદી** તૈયાર કરવા માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓન-લાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

ઉપરોકત જગ્યાઓ માટે ઉમેદવારની વયમર્યાદા ઓન-લાઇન અરજી કરવાની તારીખ સુધીની રહેશે.

ઉમેદવારે માટે નીચે જણાવેલ વેબસાઇટ પર જઇ ઓન-લાઇન અરજી કરવાની રહેશે. ઉમેદવારે અરજી કરતાં પહેલા વેબસાઇટ પર મૂકેલ ઉકત જગ્યાઓ માટેની આવશ્યક લાયકાત, વયમર્યાદા, નિમણૂકનો પ્રકાર અને મહેનતાણા અંગેની સૂચનાઓ/માર્ગદર્શિકા પહેલા ધ્યાનથી વાંચવી જરૂરી છે. આ અરજીઓ રાજય કક્ષાએ, જિલ્લા કક્ષાએ રૂબરૂ, ટપાલ કે કુરિયર દ્વારા સ્વીકારવામાં આવશે નહી. તદઉપરાંત આવી મોકલેલ અરજીઓ માન્ય ગણાશે નહી.

ઉમેદવારે પ્રમાણપત્રોની ખરાઇ માટે જયારે પણ રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે ઓન-લાઇન કરેલ અરજીની પ્રિન્ટ સાથે જરૂરી પ્રમાણપત્રોની એક-એક ઝેરોક્ષ નકલ, પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ તેમજ ચકાસણી માટે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

જ્ઞાન સહાયક ઉચ્ચતર માધ્યમિક માટે લિંક : **https://bit.ly/HS_GYANSAHAYAK**

જ્ઞાન સહાયક માધ્યમિક માટે લિંક : **https://bit.ly/SEC_GYANSAHAYAK**

ઓન-લાઇન અરજી કરવાની તારીખ: ૧૯/૦૮/૨૦૨૫ (૧૪:૦૦ કલાક થી શરૂ)

ઓન-લાઇન અરજી કરવાની છેલ્લી તારીખ: ૨૬/૦૮/૨૦૨૫ (૨૩:૫૯ કલાક સુધી)

સહી/-

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટર

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ

સ્ટેટ પ્રોજેકટ ઓફિસ,

વિદ્યા સમીક્ષા કેન્દ્ર

સેકટર-૧૯, ગાંધીનગર